ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૨૧ માર્ચ, ૨૦૨૬

# પ્રીમિયમ પેટ્રોલનો ભાવ વધી ગયો, યુદ્ધની અસર માટે ભારતીય નાગરિકો તૈયાર રહે

અમેરિકાની મદદથી ઇઝરાયલે ઇરાન પર કરેલા હુમલા અને વળતામાં ઇરાને કરેલા હુમલાને પગલે ફાટી નીકળેલું યુદ્ધ સમગ્ર વિશ્વમાં ઓઇલ કટોકટીના સ્વરૂપમાં ફરી વળ્યું છે. ક્રુડ ઓઇલની સપ્લાય રોકવાની સાથે મિડલ ઇસ્ટ દેશોની ઓઇલ રિફાઇનરીઓને નિશાન બનાવવાની ઇરાનની પેરવીને કારણે ગમે ત્યારે ક્રુડ ઓઇલની સપ્લાય અટકે તેવી સ્થિતિ છે. આ યુદ્ધને કારણે ગમે ત્યારે પેટ્રોલ અને ડિઝલના ભાવ ભડકે બળે તેવી સ્થિતિ જોવાઇ રહી હતી. જોકે, ભારતે યેનકેન પ્રકારે આ વધતા ભાવો પર કાબુ રાખ્યો હતો પરંતુ યુદ્ધના દિવસો જેમ જેમ વધી રહ્યા છે તેમ તેમ પરિસ્થિતિ બગડી રહી છે. ભારત સરકારે ક્રુડ ઓઇલના વધવા ભાવો પર રાખેલો અંકુશ હવે તૂટી ગયો છે અને સરકારે ભારતમાં પ્રીમિયમ પેટ્રોલ પર લીટરે રૂપિયા 2.35 અને ઇન્ડસ્ટ્રિયલ ડીઝલમાં લીટરે 22 રૂપિયાનો વધારો કર્યો છે. સરકારે લોકોમાં રોષ નહીં ફેલાય તે માટે સામાન્ય પેટ્રોલ અને ડિઝલના ભાવોમાં વધારો કર્યો નથી પરંતુ જો યુદ્ધ લાંબુ ચાલશે તો તેમાં પણ ભાવ વધારો થશે.

યુદ્ધને કારણે બ્રેન્ટ ક્રુડ ઓઇલના ભાવ વધવાને કારણે કંપનીઓએ પ્રીમિયમ પેટ્રોલના ભાવ વધાર્યા છે. બ્રેન્ટ ક્રુડ ઓઇલના ભાવ આજે 109.54 ડોલર પ્રતિ બેરલ પર છે. એક દિવસ પહેલા ક્રુડ ઓઇલનો ભાવ 117.98 ડોલર પ્રતિ બેરલ પર પહોંચી ગયો હતો. જ્યારે ભારતમાં ક્રુડના ભાવ લગભગ બમણા થઈને 146 ડોલર પર પહોંચી ગયા છે. ભારત ઇરાક, સાઉદી અરેબિયા, રશિયા, યુએઇ પાસેથી તેલ ખરીદે છે. આ તમામ અલગ-અલગ પ્રકારના તેલની કિંમતોનો જે સરેરાશ કાઢવામાં આવે છે, તેને જ 'ઇન્ડિયન બાસ્કેટ' કહે છે. દુનિયાભરમાં ક્રુડ ઓઇલ મુખ્યત્વે ત્રણ મોટા બેન્ચમાર્કને આધારે ઓળખાય છે અને વેચાય છે, જેને બ્રેન્ટ, ડબલ્યુટીઆઇ અને ઓપેક બાસ્કેટ કહેવાય છે. બ્રેન્ટ ક્રુડ ઉત્તર સમુદ્ર (યુરોપ)ના દરિયાઇ કુવાઓમાંથી નીકળે છે અને દુનિયાનો બે-તૃતીયાંશ તેલનો કારોબાર તેના ભાવ પર નિર્ભર છે. જ્યારે ડબલ્યુટીઆઇ અમેરિકાના જમીની વિસ્તારોમાંથી નીકળે છે અને તેની શુદ્ધતાને કારણે અમેરિકી બજારનું મુખ્ય ધોરણ છે. ઓપેક બાસ્કેટ સાઉદી અરેબિયા, ઇરાન અને ઇરાક જેવા ખાડી દેશોના સંગઠન (ઓપેક) દ્વારા ઉત્પાદિત વિવિધ ક્રુડ ઓઇલનું સરેરાશ મિશ્રણ છે.

ભારતની એવી સ્થિતિ છે કે દેશમાં ક્રુડ ઓઇલ નીકળતું નથી. આને કારણે ભારત તેની જરૂરિયાતનું 85% ક્રુડ ઓઇલ અને 50%થી વધુ ગેસ આયાત કરે છે, તેથી ત્યાંની દરેક હલચલ આપણા ખિસ્સા અને અર્થતંત્ર પર અસર કરે છે. ક્રુડ ઓઇલથી ભારતમાં પેટ્રોલ, ડિઝલ, ચાર્ન, કેરોસીન, ગેસથી માંડીને અનેક ઉત્પાદનો નીકળે છે. આ તમામ ઉત્પાદનોનો ભારતમાં બહોળો ઉપયોગ થાય છે. ડીઝલનો ભાવ વધારો ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ વધારે છે. જેને કારણે મોંઘવારી વધે છે. પેટ્રોલનો ભાવ વધારો સરેરાશ નાગરિકોના ખિસ્સા પર બોજ વધારે છે. ક્રુડ ઓઇલનો ભાવ ભારતમાં ખૂબ જ સંવેદનશીલ મુદ્દો છે અને સરકારને લોકોની નારાજગી કોઇપણ સંજોગોમાં ચાલી શકે તેમ નથી. વિશ્વમાં ક્રુડ ઓઇલના ભાવમાં વધારો થવા બાદ ભારત સરકાર અને દેશની ઓઇલ કંપનીઓ માટે પેટ્રોલ-ડિઝલમાં ભાવ વધારો કરવો જ પડે તેવી સ્થિતિ છે. આખરે પ્રીમિયમ પેટ્રોલમાં ભાવવ વધારો કરી દેવામાં આવ્યો છે. જોકે, આ તો યુદ્ધની અસરની શરૂઆત છે. પહેલા એલપીજી ગેસના સિલિન્ડરની અછત અને હવે પ્રીમિયમ પેટ્રોલના ભાવમાં વધારો, આગામી દિવસોમાં પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો પણ કરવામાં આવી શકે છે. 'બે આખલાની લડાઇમાં ઝાડનો ખો નીકળે'ની કહેવતની જેમ ઇરાન અને ઇઝરાયલ-અમેરિકાની લડાઇમાં સહન ભારતના નાગરિકોએ કરવાનું આવશે તે નક્કી છે.

# પાંચ રાજ્યોની ચૂંટણી : યુદ્ધની શું અસર થશે?

પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, આસમ, કેરળ અને પુડુચેરી.... પાંચ રાજ્યોની ચૂંટણી જાહેર થઇ ચૂકી છે. આ પાંચ રાજ્યોમાં ત્રણ મોટાં રાજ્યો બંગાળ, તામિલનાડુ અને કેરળમાં ભાજપની સત્તા નથી, સત્તાથી એ ઘણો દૂર છે. શું આ ચૂંટણી ભાજપ આ રાજ્યોમાં કોઇ ચમત્કાર કરી શકશે? પણ એમાં સૌથી મોટું વિઘ્ન નાખ્યું છે ઇરાન-અમેરિકા-ઇઝરાયલના યુદ્ધે. આ યુદ્ધ શરૂ તો થયું છે પણ પૂરું ક્યારે થશે એની કોઇ ખાતરી આપી શકે એવી સ્થિતિ નથી. ઇરાનને ખાસ્સું નુકસાન થયું છે અને ધારણા વિરુદ્ધ હજુય એ લડી રહ્યું છે અને ઇઝરાયલ અને અમેરિકાના દાંત ખાટા કરી નાખ્યા છે અને વિના વાંકે યુએઇના દેશો આ યુદ્ધમાં ફસાયા છે. એમને અમેરિકાની દોસ્તી ભારે પડી છે અને આ બધાની સીધી અસર દેશનાં પાંચ રાજ્યોમાં થનારી ચૂંટણીમાં થાય એવી પૂરી શક્યતા છે અને કદાચ એનું નુકસાન ભાજપે ઉઠાવવું પડે.

અર્થકારણની દૃષ્ટિએ જોઇએ તો તેલ ગેસની તંગી થઇ, તેલના ભાવ વધ્યા છે. હોર્મુઝની સામુદ્રધુની બંધ થવાને કારણે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઇલનો ભાવ ૧૦૦ ડોલરથી વધુ થઇ ચૂક્યો છે અને આપણે જાણીએ છીએ કે, ભારત તેના વપરાશનું ૮૮ ટકા તેલ અને ૬૫ ટકા LPG આ ક્ષેત્રમાંથી આયાત કરે છે અને જો સરકાર પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરે, તો મધ્યમ વર્ગ અને ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી શકે છે. જો ભાવ નિયંત્રણમાં રાખવા માટે એક્સાઇઝ ડ્યુટી ઘટાડાય, તો સરકારી તિજોરી પર બોજ વધશે જે વિકાસલક્ષી યોજનાઓના બજેટને અસર કરી શકે છે. જો કે, સરકાર ભાવવધારો કરે એવું લાગતું નથી. પણ યુદ્ધ લાંબુ ચાલ્યું અને ભાવ વધ્યા તો ભાજપને ચૂંટણીમાં નુકસાન થઇ શકે છે.

બીજો અને સૌથી સંવેદનશીલ મુદ્દો છે, ડાયોસ્પોરા અને રેમીટન્સનો. ઇરાને અખાતના દેશોમાં હુમલા કર્યા છે અને અખાતી દેશોમાં આશરે ૧ કરોડ ભારતીયો વસે છે. જેમાં સૌથી વધુ હિસ્સો કેરળ (19.7%) અને તમિલનાડુ (10.4%)ના લોકોનો છે. ઘણાં લોકો યુદ્ધની સ્થિતિના કારણે સ્વદેશ પાછા પણ ફર્યા છે. આ લોકોએ ભારત પરત ફરવું જ પડે, તો આ રાજ્યોમાં બેરોજગારીનો મોટો પ્રશ્ન ઊભો થશે. માર્ચના પ્રથમ સપ્તાહમાં જ 52,000 થી વધુ ભારતીયો પરત ફર્યા છે. આ "રિવર્સ માઇગ્રેશન" કેરળ અને તમિલનાડુની ચૂંટણીમાં સત્તાધારી પક્ષો માટે નકારાત્મક મુદ્દો બની શકે છે. ઉપરાંત આ રાજ્યોની અર્થવ્યવસ્થા વિદેશથી આવતા નાણાં પર નિર્ભર છે. તેમાં ઘટાડો આવતાં સ્થાનિક વેપાર અને વપરાશ પર માઠી અસર પડશે.

રાજકીય મુદ્દાઓની વાત કરીએ તો કેન્દ્રની સત્તાધારી પાર્ટી આ વૈશ્વિક કટોકટીમાં "મજબૂત નેતૃત્વ" અને "ભારતીયોનું સુરક્ષિત સ્થળાંતર" જેવા મુદ્દાઓ આગળ ધરી શકે છે. બીજી તરફ, વિપક્ષો તેને "આર્થિક ગેરવહીવટ" અને "મોંઘવારી" તરીકે રજૂ કરશે. પશ્ચિમ એશિયાના યુદ્ધની અસર ભારતના સંવેદનશીલ વિસ્તારોમાં મતદારોના ધ્રુવીકરણ પર પણ પડી શકે છે. ખાસ કરીને કેરળ અને પશ્ચિમ બંગાળ જેવાં રાજ્યોમાં આ આંતરરાષ્ટ્રીય ઘટનાક્રમ ચર્ચાનો વિષય બનશે.

આ યુદ્ધ માત્ર સીમાઓ પૂરતું મર્યાદિત નથી પણ ભારતના સામાન્ય નાગરિકના ખિસ્સા અને પાંચ રાજ્યોના મતની પેટી પર સીધી અસર કરશે. સરકાર માટે પડકાર એ રહેશે કે તે ચૂંટણી પહેલાં જનતાને આ આર્થિક આંચકાથી કેવી રીતે બચાવે છે. ભાજપ અને અન્ય પક્ષો સામે આવી સ્થિતિ પહેલી વાર આવી છે.

**સોનમ વાંગચુકની મુક્તિ ....**

લદાખને એના હક મળે એ માટે લડત ચલાવતા પર્યાવરણવાદી સોનમ વાંગચુકને કેન્દ્ર સરકાર દ્વારા એનએસએ લગાવી અને છ માસ સુધી જેલમાં વિના વાંકે બંધ કરી દેવાયા અને હવે સરકારે જ એ આરોપ દૂર કરી દીધો છે અને સોનમ લગભગ છ માસ બાદ મુક્ત થયા છે. આ કેસનો ચુકાદો આવવો બાકી છે. પણ આ કેસના બે ત્રણ મુદ્દાઓ સમજી લેવા જરૂરી છે. એક તો સોનમ સામેનો કેસ બહુ નબળો હતો એ પુરવાર થયું છે. સરકાર કડક કાયદો લગાવે અને પછી સરકાર જ એ હટાવે એનો મતલબ શું? કોર્ટમાં જે દલીલો થઇ એમાં સરકાર દ્વારા જે રજૂઆત થઇ એમાં કોઇ દમ નહોતો. બીજી બાજુ સોનમની પત્નીને શરૂઆતમાં મળવા ના દેવાયાં અને રાજ્યાનની જેલમાં બંધ હોવાથી એમના માટે આવવું જવું મુશ્કેલ બની ગયું અને હા, સોનમને પુછાયું કે શું તમને કોઇ શરતી મુક્તિ અપાઇ છે? એમણે જવાબ આપેલો કે, પહેલેથી જ હું સ્પષ્ટ હતો કે, કોઇ શરત નહિ માનું. ભલે જેલમાં વધુ સમય રહેવું પડે. એનો મતલબ સ્પષ્ટ છે કે, આ કેસમાં કેન્દ્રની આબરૂ જશે એવો અંદાજ આવી જતાં સોનમ સામેની કલમો હટાવાઇ.

બીજું કે, જે માગણી સોનમ અને લદાખની પ્રજા કરી રહી હતી એ જ વાત ભાજપના અગાઉના ચૂંટણી ઢંઢેરામાં સામેલ હતી. તો પાછળથી ભાજપ ફરી કેમ ગયો? અને કાશ્મીરથી લદાખને અલગ પડાયું ત્યારથી માગણી થઇ રહી હતી અને શાંત આંદોલન ચાલી રહ્યું હતું છતાં કેન્દ્ર સરકાર કોઇ ઉકેલ કેમ ના આપ્યો? સોનમની મુક્તિ પછી શું કેન્દ્ર આ મુદ્દે કોઇ ઉકેલ લાવવા ઇચ્છે છે? એ પણ સ્પષ્ટ નથી.

અને સૌથી મહત્ત્વનો મુદ્દો એ છે કે, કેન્દ્ર સરકાર કોઇને પણ વિના વાંકે આ રીતે જેલમાં ધકેલી શકે એ સામે કોર્ટ કોઇ રોક લગાવશે કે કેમ? જેમ સુપ્રીમ કોર્ટે અવલોકન કરેલું કે, ધરપકડ એ અપવાદ બનવી જોઇએ. કોર્ટનો ચુકાદો બાકી છે, શું કોર્ટ આ મુદ્દે કોઇ દિશાસૂચન સરકારને આપી શકે છે? અગાઉ એવું બન્યું છે અને ફરી એવું બને એ જરૂરી છે.

**નીતીશ કેન્દ્રમાં મંત્રી બનશે?**

બિહારમાં ત્યાર સુધી તો મોદી શાહનો આયોજન મુજબ બધું ચાલી રહ્યું છે. પણ આગળ પણ એવું જ બને એવી શક્યતા વધી ગઇ છે. નીતીશકુમાર રાજ્યસભામાં ચૂંટાયા છે અને હવે કેન્દ્રના રાજકારણમાં સક્રિય થાય અને કેન્દ્રીય મંત્રી બની શકે છે. એવી પ્રબળ શક્યતા છે કે આગામી દિવસોમાં બિહારમાં ભાજપના નેતૃત્વવાળી નવી સરકાર બને અને નીતીશકુમાર દિલ્હીમાં મહત્ત્વની જવાબદારી સંભાળે. એવું બન્યું તો મોદી-શાહની સ્ક્રીપ્ટ એકદમ પરફેક્ટ રહી છે એમ ગણાશે.

અને નીતીશ કેન્દ્ર સરકારમાં જોડાય તો નવાઇ ના થવી જોઇએ. કારણ કે, અગાઉ આવું બની ચૂક્યું છે. મધ્યપ્રદેશના લાંબા સમય સુધી મુખ્યમંત્રી રહ્યા બાદ, ૨૦૨૪માં શિવરાજસિંહ ચૌહાણ કેન્દ્રમાં કૃષિ અને ગ્રામીણ વિકાસ મંત્રી બન્યા. હરિયાણાના મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપ્યા બાદ મનોહરલાલ ખટ્ટર હાલમાં કેન્દ્રમાં ઊર્જા અને શહેરી વિકાસ મંત્રી છે. અસમમાં ૨૦૨૧ની ચૂંટણી જીત્યા પછી પણ મુખ્યમંત્રી પદ હિમંત બિસ્વા સરમાને સોંપવામાં આવ્યું અને સોનોવાલ કેન્દ્રમાં કેબિનેટ મંત્રી બન્યા. એસ.એમ. કૃષ્ણા કર્ણાટકના મુખ્યમંત્રી રહી ચૂક્યા હતા અને બાદમાં કેન્દ્રમાં વિદેશ મંત્રી તરીકે સેવા આપી હતી. શરદ પવાર મહારાષ્ટ્રના મુખ્યમંત્રીપદેથી હટીને તેઓ કેન્દ્રમાં સંરક્ષણ અને કૃષિ મંત્રી બન્યા હતા અને એ રસપ્રદ છે કે નીતીશકુમાર મુખ્યમંત્રી બન્યા તે પહેલાં ૨૦૦૦ના દાયકામાં વાજપેયી સરકારમાં રેલવે અને કૃષિ મંત્રી રહી ચૂક્યા છે. એટલે કે તેઓ ૨૦ વર્ષ બાદ ફરીથી તે જ ભૂમિકામાં પાછા ફરી રહ્યા છે.

**રાજ્યોની વણઝાર**

**કૌશિક મહેતા**

> **સરકાર માટે પડકાર એ રહેશે કે તે ચૂંટણી પહેલાં જનતાને આ આર્થિક આંચકાથી કેવી રીતે બચાવે છે. ભાજપ અને અન્ય પક્ષો સામે આવી સ્થિતિ પહેલી વાર આવી છે**

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## બે મિનિટનું પરિણામ



સ્વામી શિવાનંદ એક વખતમાં ચાર સાધકોને પ્રાણાયામ શીખવતા અને બીજા ચાર નવા શિષ્યોને આખી પ્રક્રિયા જોવા અને સમજવા માટે સામે બેસાડતા. સ્વામી શિવાનંદ ચાર જણને પ્રાણાયામ શીખવતા ત્યારે દરેક જણને શ્વાસમાં પ્રાણવાયુ અંદર લેવાનું કહેતા, પછી શ્વાસને બે મિનિટ માટે અંદર રોકી રાખવાનું કહેતા. આ બે મિનિટના ગાળામાં એમને એમ બેસી રહેવાને બદલે તેઓ બાજુમાં રાખેલાં કાગળ પર પોતાનું લેખનકાર્ય કરતા.દર બે મીનીટે તેઓ લખતા અને બીજી બાજુ પ્રાણાયામ શીખવતા રહેતા.

સામે બેસીને આ પ્રક્રિયા જોઇ રહેલા નવા યુવાન શિષ્યના મનમાં પ્રશ્ન થયો, આમ આ બે બે મિનિટના ટુકડાઓમાં થોડાં વાક્ય લખવાનો શું અર્થ? તેણે ધીમે રહીને સ્વામી શિવાનંદજીને પૂછ્યું, "સ્વામીજી, આમ તૂટક તૂટક દર બે મીનીટે તમે લખો છો પણ શું આમ વાક્યો લખવાનો શો અર્થ?" આ સાંભળી સ્વામીજીએ એટલું જ કહ્યું, "તારી વાત કદાચ સાચી છે. આ પ્રશ્નનો મારી પાસે અત્યારે કોઇ જવાબ નથી."

સ્વામીજી આમ આખો દિવસ પ્રાણાયામ શીખવતા રહ્યા. સાધકો બદલાતા રહ્યા. દર બે મિનિટે થોડું થોડું લખાણ થતું રહ્યું. લખાતું રહ્યું. આખો દિવસ પૂરો થયો, રાત પડી. આખા દિવસમાં મુલાકાત માટે લોકો સ્વામીજીને મળવા પણ આવ્યા, એક કાર્યક્રમમાં હાજરી આપી, માર્ગદર્શન આપ્યું.

**ચાર્જિંગ પોઇન્ટ**
**હેતા ભૂષણ**

રાત્રે સ્વામીજીએ પેલા નવા શિષ્યને બોલાવ્યો અને પૂછ્યું, "ભાઇ, તને ટાઇપ કરતાં આવડે છે?" પેલા શિષ્યે કહ્યું, "હા બહુ સારી રીતે આવડે છે, મારી ઝડપ પણ સારી છે."સ્વામીજીએ અમુક કાગળો તેને આપતાં કહ્યું, "જા આટલું હમણાં જ ટાઇપ કરી લઇ આવ."પેલો નવો શિષ્ય ઉત્સાહથી ગયો અને બનતી ઝડપે લગભગ કલાકમાં ટાઇપ કરેલાં ૪૦ પાનાં લઇને આવ્યો. શિષ્યે સ્વામીજીના હાથમાં કાગળ આપતાં કહ્યું, "સ્વામીજી, થઇ ગયું."

સ્વામીજીએ કહ્યું, "અરે વાહ, ઝડપથી કર્યું મેટર કેવું લાગ્યું?"નવા શિષ્યે કહ્યું, "અદભુત લખાણ લખ્યું છે આપે."સ્વામીજી બોલ્યા, "આજે આખો દિવસ પેલી બે બે મિનિટમાં મેં જે લખ્યું ને તે આ લખાણ છે." મેં ત્યારે તને જવાબ નહોતો આપ્યો. હવે જો આ છે મારો જવાબ. જોઇ લે આ બે બે મિનિટનું પરિણામ. જીવનની બે મિનિટ પણ ન વેડફો. સમયનું મૂલ્ય કરો."સ્વામીજીએ શિષ્યને જીવનનો મહત્ત્વનો પાઠ સમજાવ્યો.

# ડો. ફારૂકની હત્યાનો પ્રયાસ: દેશમાં વ્યાપક રીતે ફેલાયેલી નફરતનું ઉદાહરણ

"આપણે જે વાતાવરણમાં આજે રહીએ છીએ તે નફરતથી ભરેલું છે. કરુણતા એ છે કે હવે દેશમાં નફરત ઊંડે સુધી જડ ઘાલી ગઇ છે. જેઓ ભાઇચારો, કોમી એકતા અને બિનસાંપ્રદાયિકતાની વાતો કરે છે તેમના માટેની જગ્યા સંકોચાઇ રહી છે. કોઇ પણ ધર્મ કોઇને નુકસાન પહોંચાડવાનું શીખવતો નથી." "આને સુરક્ષાની ખામી કહેવી એ અતિશયોક્તિ ગણાશે. જો કે, દૂષિત વાતાવરણને જોતાં હકીકત એ છે કે પોલીસે સાવચેતી રાખવી જોઇતી હતી. આ કાર્યક્રમમાં અનેક VVIP લોકો હાજર હતાં. ત્યાં પોલીસનો કોઇ બંદોબસ્ત નહોતો."- ડૉ. ફારૂક અબ્દુલ્લા, નેશનલ કોન્ફરન્સના પ્રમુખ અને જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી (ધ હિન્દુ, ૧૨ માર્ચ, ૨૦૨૬)

દેશના સૌથી વરિષ્ઠ રાજકીય નેતાઓ પૈકીના એક, કે જેઓ પૂર્વ વડા પ્રધાન એચ.ડી. દેવેગૌડા (૯૩ વર્ષ) પછી બીજા ક્રમે આવે છે અને મરાઠા દિગ્ગજ શરદ પવાર (૮૫) કરતાં પણ વરિષ્ઠ છે, તેવા ડૉ. અબ્દુલ્લા (૮૮) દાયકાથી વધુ સમયથી આતંકવાદી અને ઉગ્રવાદી સંગઠનોના નિશાના પર રહ્યા છે, આવું એટલા માટે હતું કારણ કે તેઓ 1990ના દાયકામાં જમ્મુ-કાશ્મીરમાં ઉગ્રવાદના કપરા સમયમાં અડગ રહ્યા હતા અને જ્યારે કોઇ આગળ આવવાની હિંમત નહોતું કરતું ત્યારે તેમણે મુખ્ય પ્રવાહની રાજનીતિનું પ્રતીક બનવાની તૈયારી દર્શાવી હતી. તેઓ માત્ર આગળ જ ન આવ્યા પરંતુ રાજ્યમાં લાંબા સમયના રાજ્યપાલ શાસન બાદ લોકતાંત્રિક પ્રક્રિયા ફરી શરૂ કરવામાં નવી દિલ્હીને મદદ પણ કરી હતી. આ મહત્ત્વપૂર્ણ પાસા બંદૂક લહેરાવી રહ્યો હતો અને તેણે એક રાઉન્ડ ગોળીબાર પણ કર્યો હતો. પ્રશ્ન એ ઊભો થાય છે કે જ્યારે લોકોએ તેને પકડીને સ્થાનિક પોલીસને સોંપ્યો ત્યારે શું તરત જ તેનું મેડિકલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું? ધૃષ્ટ આરોપીને તેની ધરપકડ પછી ઇન્ટરવ્યૂ આપવાની મંજૂરી કેવી રીતે આપવામાં આવી અને કોની પરવાનગીથી? તેણે બડાશ મારતાં કહ્યું કે તે છેલ્લાં ૨૦ વર્ષથી ડૉ. અબ્દુલ્લાને મારવાનો પ્રયાસ કરી રહ્યો હતો અને તેને અફસોસ છે કે તે પોતાનું નિશાન ચૂકી ગયો. જ્યારે એ વાત જાણીતી હતી કે ડૉ. અને તમામ વિચારધારા ધરાવતા નેતાઓ માટે એક મોટો પડકાર છે, કારણ કે લોકશાહીની ભાવનાને જીવંત રાખવા માટે તેઓએ સતત લોકોની વચ્ચે રહેવું પડે છે. વધુ ચિંતાજનક બાબત તો એ છે કે જમ્મુ-કાશ્મીરનાં લોકોએ, ખાસ કરીને જમ્મુમાં, આ ગંભીર ઘટના પર ધાર્મિક અથવા પ્રાદેશિક ધોરણે પ્રતિક્રિયા આપી છે. હકીકત એ છે કે, તેઓએ આ ઘટનાને દેશના એક અગ્રણી રાજકીય નેતાની હત્યા કરવાના શુદ્ધ પ્રયાસ તરીકે જોવી જોઇતી હતી, જે પ્રયાસ સફળ થયો હોત, તો તેનાં ગંભીર પરિણામો આવી શક્યાં હોત. એ સત્ય છે કે ડૉ. અબ્દુલ્લા જેલમ અને ચિનાબ નદીઓના તોફાની પ્રવાહો વચ્ચે ભારતીય રાષ્ટ્રવાદના મજબૂત પ્રતીક તરીકે અડીખમ ઊભા રહ્યા છે, તેમ છતાં તેમની નિષ્ઠાવતાઓ પણ પ્રચંડ રહી છે. એ આશ્ચર્યજનક હતું કે માત્ર તેમની નિષ્ઠાવતાઓ જ નહીં, પરંતુ તેમના પિતા શેખ મોહમ્મદ અબ્દુલ્લાની નિષ્ઠાઓ પણ, ખાસ કરીને તેમણે તત્કાલીન મહારાજા હરિસિંહ સાથે કેવું ગેરવર્તન કર્યું હતું તે બાબત જામવાલના કૃત્યને કોઇક રીતે યોગ્ય ઠેરવવા માટે સંપૂર્ણપણે ધાર્મિક ધોરણે ચર્ચવામાં આવી. ધાર્મિક અને જ્ઞાતિવાદી જૂથોએ તપાસ શરૂ થાય તે પહેલાં જ આરોપીના બચાવ માટે એક આડશ ઊભી કરવાનો પ્રયાસ કર્યો હતો. સ્વાર્થી તત્ત્વો દ્વારા વિકસાવવામાં આવેલી આ માનસિકતાને કોઇ પણ સંજોગોમાં નિષ્પક્ષ તપાસમાં અવરોધ બનવા દેવી જોઇએ નહીં. આ મામલાનો તાર્કિક અંત ત્યારે જ આવશે જ્યારે આ કાવતરાનો પર્દાફાશ થાય, તેમાં સામેલ પાત્રો ખુલ્લાં પડે અને દોષિતોને સજા મળે. આ પ્રક્રિયામાંથી જ્યાર પ્રકારના રાજકારણને દૂર રાખવું જોઇએ. સમગ્ર લોકશાહી પ્રણાલીની વિશ્વસનીયતા પુનઃસ્થાપિત કરવા અને તેને મજબૂત કરવા માટે આ અત્યંત જરૂરી છે.

**રાજધાનીના અંતરંગ**

**અનિલ આનંદ**

> **સૌથી મોટો પ્રશ્ન એ ઊઠે છે કે જો ઉચ્ચ સ્તરીય 'Z+'સુરક્ષા ધરાવતી વ્યક્તિ પણ સુરક્ષિત નથી, તો પછી સુરક્ષિત કોણ છે?**

હોવા છતાં, આશ્ચર્યની વાત એ છે કે તેઓ લગભગ એક એવી વ્યક્તિનો શિકાર બની ગયા જે દેખીતી રીતે પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદને બદલે આંતરિક રાજકીય અથવા સામાજિક ગતિશીલતાથી પ્રેરિત કે બ્રેઇનવોશ થયેલ હતી. જો કેટલાક અહેવાલોનું માનીએ તો, આ મામલે બહુપક્ષીય તપાસ શરૂ થઇ ચૂકી છે. જમ્મુ-કાશ્મીર પોલીસની સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેટિંગ ટીમ (SIT) એકશનમાં આવી ગઇ છે અને જો નેશનલ કોન્ફરન્સનાં આંતરિક સૂત્રોનું માનીએ તો, કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ઉચ્ચ સ્તરીય ટીમ દ્વારા પણ આવી જ તપાસ હાથ ધરવામાં આવનાર છે. ડૉ. અબ્દુલ્લાની હત્યાના નિષ્ફળ પ્રયાસ અંગે તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી અટકળોને કોઇ અવકાશ નથી.

શરૂઆતમાં એવું જણાવવામાં આવ્યું હતું કે હુમલાખોર, જમ્મુ શહેરનો રહેવાસી મિસ્ટર કમલ સિંહ જામવાલ, નશાની હાલતમાં અબ્દુલ્લા ઉપરાંત નાયબ મુખ્યમંત્રી અને હાઇકોર્ટના કેટલાક ન્યાયાધીશો પણ સ્વર્ગસ્થ એડવોકેટ અને નેશનલ કોન્ફરન્સના લીગલ ડિપાર્ટમેન્ટના વડા શ્રી દિનેશ ચૌહાણની પુત્રીના લગ્નમાં હાજરી આપવાના હતા, ત્યારે હાઇ-પ્રોફાઇલ લગ્ન સ્થળ પરથી સ્થાનિક પોલીસ કેમ ગેરહાજર હતી? શું હત્યાના આ પ્રયાસ પાછળ કોઇ ષડયંત્ર છે? આ બાબતને તપાસ એજન્સીઓ પર છોડવામાં આવે છે કે તેઓ એવા જવાબો શોધે જે માત્ર છીછરાં પુરાવા માટે જ નહીં પરંતુ ભવિષ્યમાં આવી ઘટનાઓ બનતી અટકાવવા માટે પણ જરૂરી છે.

રાજકીય અને સામાજિક મોરચે જે વધુ ચિંતાજનક બાબત હતી, તે ડૉ. અબ્દુલ્લા પરના હત્યાના પ્રયાસ પર રાજકીય વ્યવસ્થા અને સમાજે જે રીતે પ્રતિક્રિયા આપી તે હતી. રાજકીય જગતે આ ઘટના પ્રત્યે હંમેશ મુજબ ઔપચારિક નિંદા વ્યક્ત કરીને સંતોષ માની લીધો છે. આ ઘટના સમગ્ર રાજકીય વ્યવસ્થા

ડૉ. અબ્દુલ્લા છેલ્લા ત્રણ

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## વિદ્યાર્થીઓ દ્વારા વધતાં જતાં હિંસક બનાવો

આમ તો એક વિદ્યાર્થીના ઘડતરની ભૂમિકામાં શાળા અને વાલી બંનેનું પ્રદાન છે. એનો સર્વાંગી વિકાસ શિક્ષકો અને વાલી બંનેનો સહિયારો પ્રયાસ છે. પણ બાળકો શાળામાં વધુમાં વધુ પાંચ કલાક અને બાકીનો બધો સમય ઘરમાં વિતાવે છે. શાળામાં શિક્ષણ સામુહિક હોય છે. પોતાની ક્ષમતા મુજબ તે ગ્રહણ કરે છે. આમ જોઇએ તો ઘર, શાળા અને બાહ્ય પરિબળો ત્રણેયનો કોઇ પણ વ્યક્તિના વ્યક્તિત્વ વિકાસમાં ફાળો હોય છે. તાજેતરમાં તરુણાવસ્થાનાં વિદ્યાર્થીઓ દ્વારા વિદ્યાર્થીને ચપ્પુના ઘા મારી હિંસક હુમલો કરવાની ઘટનાને પગલે આધુનિક સમયમાં પેરેન્ટીંગ સામે સવાલો ખડાં થાય છે. આવા હુમલાઓ એકા એક બનતા નથી. એને માટે પૂર્વ આયોજન જરૂરી હોય છે. જો માતા પિતા સંતાનની ગતિવિધિથી વાકેફ હોય તો આવી એક્સ્ટ્રીમ લેવલની ઘટના ટાળી શકાય. પોતાના સંતાનનું મિત્ર વર્તુળ, શાળામાં એની વર્તણૂકથી રૂ બરૂ પરિચિત રહે તો એનામાં રહેલી આક્રમકતાને યોગ્ય ડાયવર્ઝન આપી શકાય.

**સુરત - વૈશાલી શાહ**

## કેરિયર પસંદગીમાં માતા-પિતાની ભૂમિકા

બોર્ડની પરીક્ષા પૂર્ણ થતાં જ નીટ, ગુજસેટ, જી મેઇન...... વગેરે પરીક્ષા આપવા માટે વિદ્યાર્થી સજ્જ થઇ રહ્યાં છે. ક્યા કોર્સમાં એડમિશન લેવું? કઇ કોલેજમાં લેવું એવા અનેક પ્રશ્નો વિદ્યાર્થી સમક્ષ ઉપસ્થિત થાય છે. સંતાનના મિત્ર બનીને એને સલાહ સૂચનો કરવા જોઇએ. પોતાના સંતાનની કારકિર્દી નક્કી કરતી વખતે પોતાના સંતાનમાં કઇ વિશિષ્ટતા છે? એને ક્યા વિષયમાં વધુ રસ પડે છે? તે બાબતને નજરઅંદાજ કરવી જોઇએ નહીં. કેટલાંક વિદ્યાર્થીઓને ખબર જ નથી હોતી કે તેઓની પસંદગી શું છે? આ સંજોગોમાં માતા-પિતાની જવાબદારી વધી જાય છે. મા-બાપે પોતાના સંતાનની કારકિર્દી અંગેના વિચારો છે તે સાંભળવાના છે એટલું જ નહીં સાથે સાથે તેના વિચારો વ્યક્ત કરવા માટે એને અભિપ્રેરણા પૂરી પાડવાની જવાબદારી પણ મા-બાપની છે. સંતાનને પ્રેશરાઇઝ કરીને એની પાસે એને નહીં ગમતા કોર્સની પસંદગી ક્યારેય કરાવવી જોઇએ નહીં. 21મી સદીમાં સંતાનની કારકિર્દી માટે એટલા બધા વિકલ્પો છે કે એને પોતાની કેરિયરની પસંદગી માટે પૂરતી મોકળાશ મળી રહે છે. વર્તમાન વૈશ્વિક ગળાકાપ સ્પર્ધામાં મા-બાપની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની છે એનો સ્વીકાર કરવો જ રહ્યો.

**નવસારી - ડૉ. જે. એમ. નાયક**

## મુક્તિનો માર્ગ

તાજેતરમાં ગાઝિયાબાદના ૩૨ વર્ષીય હરીશ રાણાના કિસ્સાએ સોશ્યલ મીડિયા અને સમાજમાં એક અત્યંત ગંભીર અને હૃદયદ્રાવક ચર્ચા છેડી છે. હરીશને એના ઘરેથી છેલ્લી વિદાય આપતી વખતે કહેવામાં આવે છે કે, 'બધાને માફ કરીને અને માફી માંગીને હવે તું જા...' ત્યારે તે શબ્દોમાં રહેલી પીડા પથ્થર હૃદયના માણસને પણ રડાવી દે તેવી છે. કોઇ પણ માતાપિતા માટે પોતાના વહાલસોયા પુત્રને પોતાના હાથે વિદાય આપવી એ દુનિયાનું સૌથી મોટું દુઃખ છે, પરંતુ આ કિસ્સામાં તે લાચારી નહીં પણ પુત્રને પીડામાંથી મુક્તિ અપાવવાની સર્વોચ્ચ મમતા છે. કારણ કે, જે દીકરો માત્ર આંખો જ પટપટાવી શકતો હોય, તેના પોતાના માટે પણ દરેક ક્ષણ એક યુગ જેવી પીડા આપનારી હોય છે. કાયદાકીય રીતે આ કેસ એક માર્ગદર્શક બનશે, કારણ કે તે સાબિત કરે છે કે માનવતા ક્યારેક જડ નિયમો કરતાં ઉપરવટ જઇને વિચારવા મજબૂર કરે છે. પરાણે જીવાડવું એ જ્યારે ક્યારેક હિંસા સમાન બની જાય છે. કોઇ પણ વ્યક્તિની વિદાય હંમેશા કરુણ જ હોય, પણ જ્યારે વ્યક્તિ માત્ર મશીનો અને નળીઓ પર ટકેલી હોય ત્યારે આપણને એ સત્ય સ્વીકારવા મજબૂર કરે છે કે જીવનની લંબાઇ કરતાં જીવનની ગુણવત્તા વધુ મહત્ત્વની છે. સમાજ તરીકે આપણે આવાં પરિવારો પ્રત્યે સંવેદનશીલ બનીએ. આ કરુણ વિદાય એ માત્ર એક યુવાનના જીવનનો અંત નથી, પરંતુ એક અસહ્ય યાતનાનો અંત છે. આ કિસ્સાથી 'જીવવાના અધિકાર'ની સાથે 'પીડામુક્ત થવાના અધિકાર' પર ગંભીર ચર્ચાની શરૂઆત થઇ ચૂકી છે.

**સુરત - ચારુલતા અનાજવાળા**

## ડુમસ સી ફેસ- સગવડ અને સમસ્યાઓ

ડુમસ સી ફેસના પ્રથમ તબક્કાનો પ્રારંભ થતાં જ સુરતીઓએ દોટ મૂકી. ડુમસમાં વાહન પાર્કિંગ અને ટ્રાફિકજામ જેવી ભારે અવ્યવસ્થાઓ સર્જાઇ. બાદ મહાનગરપાલિકા અને પોલીસ તંત્ર જાગ્યું. ભવિષ્યમાં આવું ન થાય એ માટે આયોજન કરવા બેઠકોનો દોર ચાલ્યો. સવાલ એ છે કે ડુમસમાં આવું થઇ શકે એવો તંત્રવાહકોને કોઇ અંદાજ કેમ નહોતો? આગ લાગે ત્યારે જ કૂવો ખોદવાની સમજણ આવે છે કોઇ પણ વ્યવસ્થા ઊભી કરીએ ત્યારે તેનાં સારાં-નરસાં પરિણામોનો વિચાર થવો જોઇએ. કોર્પોરેશનની આગામી ચૂંટણીને ધ્યાને લઇ નાગરિકોને નવા પિકનીક સ્થળની ઝડપથી ભેટ ધરવા માટે હરખપદુડા થયેલા સત્તાપીશોએ આયોજન સંદર્ભે બુધ્ધિનું દેવાળું કાઢ્યું હોય એમ લાગે છે. સગવડ સાથે શી સમસ્યાઓ આવી શકે એનું આકલન કરી આગોતરું આયોજન કરવું પછી જ જાહેરાત/ ઉદઘાટન થવાં જોઇએ.

**સુરત - સુનીલ શાહ**

## ઓરેન્જ ઇકોનોમિ

યુવાનોનાં સપનાંને પાંખ આપવી, બેન્ક બેલેન્સ છલકાવતી આ ઓરેન્જ ઇકોનોમી છે. ભારતનું યુવાધન આજે માત્ર નોકરી શોધતું નથી. તે પોતાની ઓળખ બનાવી રહ્યું છે. સ્માર્ટફોન અને ડિજિટલ ક્ષેત્રે સર્જનાત્મકતાને નવી ઉડાન આપી છે.આ ઊર્જાને દુનિયા ઓરેન્જ ઇકોનોમી તરીકે ઓળખે છે. જ્યાં મૌલિક વિચારો અને કલાનાં ધારમાં થાય છે.ઉપરાંત આર્થિક મૂલ્ય બને છે. અહીંયા પ્રશ્ન કમાણીનો નથી પરંતુ સર્જનાત્મક શક્તિને યોગ્ય દિશા આપવાનો છે. તાજેતરમાં દિલ્હીમાં ઇન્ડિયા એઆઇ ઇમ્પેક્ટ સમીટ યોજાય દુનિયાના 100 થી વધુ google ઓપન એ આઇ જેવી વૈશ્વિક ટેકનોલોજી કંપની 40 થી વધુ દિગ્ગજ સીઇઓ રાજકારણીય અને વૈજ્ઞાનિકોએ આમાં ભાગ લીધો. તે દુનિયાનો સૌથી મોટો પ્રભાવશાળી એઆઇ મંચ હતો.જ્યાં ટેકનોલોજી પોલીસી અને વૈશ્વિક ભાગીદારીથી એ આઇ ના ભવિષ્યની દિશા નિર્ધારિત થઇ. આ સમિટમાં એક શબ્દ સાંભળવા મળ્યો ઓરેન્જ ઇકોનોમી અથવા કેસરી અર્થતંત્ર આ એવી અર્થ વ્યવસ્થા છે જે સર્જનાત્મકતા સંસ્કૃતિ અને બુદ્ધિ સંપદા ઉપર આધારિત છે. સરળ ભાષામાં આ અનોખો વિચાર કલા, સંગીત,ફિલ્મ,ફેશન ડિઝાઇન,ડિજિટલ ગેમિંગ જેવી પ્રવૃત્તિ દ્વારા આવક ઊભી થાય છે. ડોક્ટર ફિલીપ કહે છે કે સર્જનાત્મકતા એ માત્ર કલાત્મક અભિવ્યક્તિ નથી પરંતુ આર્થિક શક્તિ છે. જો સરકાર સંરક્ષણ અને તક આપે તો ઓરેન્જ ઇકોનોમી સર્જનાત્મકતા અને ઊર્જાનું પ્રતીક બની રહે અને યુવા ધન પ્રબુદ્ધ બને અને આર્થિક સ્રોતમાં અગ્રેસર રહે.

**મોટા વરાછા સુરત- યોગેન્દ્ર પટેલ**

## શાળા દ્વારા સમાજવિકાસની ઝલક

ભરૂચ જિલ્લાના આદિવાસી વિસ્તારના વાલિયા તાલુકાના ડહેલી ગામમાં 20 માર્ચ 1952 માં થયેલ શ્રી શારદા મંદિર હાઇસ્કૂલ તેની સ્થાપનાનાં 74 વર્ષ પૂર્ણ કરી અમૃત મહોત્સવના 75 મા વર્ષમાં પ્રવેશ કરે છે ત્યારે ડહેલીની આસપાસના આદિવાસી વિસ્તારનાં ગામોમાં શિક્ષણ દ્વારા જે સામાજિક ,આર્થિક અને સામુદાયિક વિકાસ થકી જે સમૂળી ક્રાંતિ થઇ છે તેને કેટલાય પરિવારોના જીવનધોરણ અને શૈક્ષણિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવી છે. ભારતના બંધારણમાં મફત ,ફરજિયાત અને સાર્વત્રિક પ્રાથમિક શિક્ષણની હિમાયત થઇ તે જ વર્ષોમાં ગ્રામ્ય વિસ્તારનાં વડીલોએ માધ્યમિક શાળા ટાંચાં સંસાધનો વચ્ચે શરૂ કરી જે દીર્ઘદૃષ્ટિથી આયોજન અને સંચાલન કરી સંવર્ધન કર્યું તે પ્રશંસનીય છે. શાળાનું ઇન્ફ્રાસ્ટ્રક્ચર તૈયાર કરવું સુપેરે આર્થિક ભંડોળ ,જમીન બાંધકામ તેમજ શિક્ષકોની નિમણૂક સહિતની જે કામગીરી આજથી સાડા સાત દાયકા પહેલાં જમાવી છે તેને આ અમૃત મહોત્સવ પ્રસંગે યાદ કરી ભૂતપૂર્વ વિદ્યાર્થી એને આ ભવ્ય પરંપરા પાછળનો અલ્પ ઇતિહાસ રજૂ કરી પ્રવર્તમાન સમયમાં શિક્ષણની દશા અને દિશાના સંદર્ભે જે પેઢી આ જીવામાં આ શાળામાં ભણવા ભાગ્યશાળી થઇ હતી તેના અતીતની આ યાદ તાજી થઇ.

**તરસાડી કોસંબા - અરવિંદ ભટ્ટ**